DATE :- 23-12-2025
DIVYA BHASKAR, PAGE-03, SURAT

**ભાસ્કર એક્સક્લુઝિવ** 25 કરોડના ખર્ચે સુરતમાં બનશે દેશનું પહેલું સેન્ટર

# VNSGU કેમ્પસમાં ઈવી, મેટ્રો-બુલેટ ટ્રેન પર રિસર્ચ કરાશે, હાઈટેક એક્સપર્ટ તૈયાર કરાશે

## નવું ડેડિકેટેડ બિલ્ડિંગ અને બેટરી ટેસ્ટિંગથી લઈને ટ્રાફિક AI લેબ બનાવાશે

**મિલન માંજરાવાલા** | સુરત

સુરત હવે દેશનું હાઈટેક ટ્રાન્સપોર્ટ હબ બનવા જઈ રહ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી 25 કરોડના ખર્ચે દેશનું પ્રથમ 'સ્માર્ટ મોબિલિટી એન્ડ ટ્રાન્સપોર્ટ સેન્ટર' સ્થાપવા રાજ્ય અને કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે. આ પ્રોજેક્ટ દ્વારા યુનિવર્સિટી કેમ્પસ હવે હાઈટેક ટ્રાન્સપોર્ટ રિસર્ચ ક્ષેત્રે પરિવર્તન લાવશે. આ સેન્ટર એક્ઝિક્યુટિવ એજ્યુકેશન, સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેશન, ઈન્ડસ્ટ્રી જોડાણ અને નીતિવિષયક સલાહકાર કાર્યોથી સજ્જ હશે.

આ સેન્ટર 'સિમ્યુલેશન બેઝ્ડ' ટ્રેનિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. અહીં મેટ્રો અને બુલેટ ટ્રેનના ઓપરેશન્સ શીખવવા માટે રિયલ-ટાઈમ સિમ્યુલેટર્સ હશે, તો બીજી તરફ EV બેટરી ટેસ્ટિંગ અને ટ્રાફિક AI જેવી એડવાન્સ લેબ્સ હશે. હજીરાના દરિયાકાંઠે વિકસતા મરીન બિઝનેસને ધ્યાનમાં રાખીને પોર્ટ મેનેજમેન્ટ અને વોટર ટ્રાન્સપોર્ટના નિષ્ણાતો પણ અહીં જ તૈયાર થશે. આ સેન્ટર પાંચ વર્ષમાં સ્વનિર્ભર બનવાના લક્ષ્યાંક સાથે કાર્યરત થશે, જે ઉદ્યોગોને 'રેડી-ટુ-વર્ક' મેનપાવર પૂરો પાડશે. આમ, સુરતના યુવાનો માટે હવે રફ્તાર અને રોજગારના નવા દ્વાર ખૂલશે.

### સેન્ટર ફોર સ્માર્ટ મોબિલિટી એન્ડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ

- **મેટ્રો-બુલેટ ટ્રેન સિમ્યુલેશન લેબ:** મેટ્રો અને બુલેટ ટ્રેનના ઓપરેશન્સ અને સિગ્નલિંગની વાસ્તવિક તાલીમ માટે હાઈ-ટેક સિમ્યુલેટર્સ.
- **EV અને બેટરી રિસર્ચ લેબ:** ઈલેક્ટ્રિક વ્હીકલની બેટરી ટેસ્ટિંગ, થર્મલ સેફ્ટી (આગ સામે સુરક્ષા) અને બેટરી રિસાયકલિંગ સંશોધન.
- **ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેસ્ટ યાર્ડ:** વિવિધ પ્રકારના EV ચાર્જિંગ સ્ટેશનોના ઈન્સ્ટોલેશન અને મેન્ટેનન્સની પ્રેક્ટિકલ તાલીમ.
- **સ્માર્ટ ટ્રાફિક અને AI લેબ:** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્માર્ટ ટ્રાફિક સિગ્નલિંગ અને ટ્રાફિક એનાલિટિક્સ સિસ્ટમ.
- **મરીન અને પોર્ટ હબ:** દરિયાઈ પરિવહન અને પોર્ટ ઓપરેશન્સના મેનેજમેન્ટ માટે નેવિગેશન કંટ્રોલ રૂમ જેવી સુવિધા.
- **સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન સેન્ટર:** મોબિલિટી-ટેક અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપ્સ માટે પ્રોટોટાઈપિંગ અને ટેસ્ટિંગ સપોર્ટ.